RAD-1601010101062201 Seat No. ______

# B. A. (Sem. VI) (CBCS) Examination

## March - 2019

## Gujarati

*(અપઠિત - કાવ્યાસ્વાદ, ગદ્યવિવરણ, નિબંધ) (New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ પ્રશ્નો છે.

(૨) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો : **૧૪**

'છે મારું કો અખિલ જગમાં ?' બૂમ મેં પાડી :
ત્યાં તો પેલી ચપળ દીસતી વાદળી જાય ચાલી,
દોડ્યો વ્હેળો વહનગીતમાં પ્રશ્ન મારો ડુબાવી,
ને બુઢ્ઢો વડ પણ નકારે જ માથું હલાવી.
સુણ્યા સાથે ગિરિય પડઘા પાડીને ફેંકી દેતો
બીજા પહાડો તણી કુહરમાં વેણ, હૈયે ન લેતો.
તારા લાગે બધિર, વીજળી પૂછવા દે જ છે ક્યાં ?
ત્યાં પૃથ્વીનાં સ્વજન તણું તો નામ લેવું પછી કાં ?
છેલ્લે પૂછ્યું રુધિરઝર આ પાણીપોચા હયાનેઃ
'વ્હાલા, તું તો મુજ રહીશને ? છો જગે કો ન મારું'
ને એ દંભી શરમ તજી ક્હે : 'તું ન માલેક મારો,
હું તારામાં વસું અવર કાજે.' - ખિજાયો, વિચાર્યું :
બીજાં કાજે વસતું મુજમાં ?! તો મદર્થે બીજામાં
હૈયાં વાસો નહિ શું વસતાં કૈં હશે સ્નેહભીનાં ?

- ઉમાશંકર જોશી

**અથવા**

૧ નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો : ૧૪

ઘર તમે કોને કહો છો ?
જ્યાં ટપાલી પત્ર લાવે,
શોધતા વણશોધતા મિત્રો અને મહેમાન જ્યાં ચડી આવે,
ક્યારેક આવી પડે;
જેનું બધાંને ઠામઠેકાણું તમે આપી શકો
તેને તમે શું ઘર કહો છો ?
તો પછી જ્યાં જ્યાં તમે પગથી ઉતારીને પગરખાં,
ભાર-ટોપીનોય-માથેથી ઉતારીને,
અને આ હાથ બે પ્હોળા કરીને 'હાશ' કહો ;
જ્યાં સર્વનાં મુખ જોઈ તમને સ્હેજમાં મલકી ઊઠે
ત્યાં ત્યાં બધે કહો શું તમારું ઘર નથી ?
તે ઘર તમે કોને કહો છો ?

- નિરંજન ભગત

૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : ૧૪

જગતમાં મતભેદ, દૃષ્ટિભેદ અને હિતભેદ રહેવાના જ, મારીને, લડીને, વાદવિવાદ કરીને, પગે પડીને કે ચૂપ બેસી રહેવાથી એ ભેદ જવાના નથી. સમાજમાં બધી વિવિધતાઓ હોવાની જ. સમાજ જેમ જેમ વધતો જાય તેમ તેમ તેની પ્રવૃત્તિ વિવિધ થતી જવાની, કાર્યની પદ્ધતિમાં ભિન્નમતિ આવવાની. એથી પણ આગળ જઈને એમ કહેવું જોઈએ કે જીવન સમૃદ્ધ થાય તે સારું ભેદ આવશ્યક પણ છે. તદ્દન સાદા સંગીતને પણ ચાર-પાંચ સૂરની જરૂર રહે છે. ઉચ્ચ પ્રકારના સંગીતને બાવીસ શ્રુતિઓની જરૂર પડે છે. તેથી પ્રશ્ન એ નથી કે મતભેદ કેમ ટાળવા. પરંતુ મતભેદને વિષે સહિષ્ણુતા, આદર જાળવી સંપ કેમ રાખવો એ સાચો પ્રશ્ન છે. ઘરમાં રોટલો એક જ હોય અને ખાનાર બાળક અને માતા બે જણ હોય, તો તે બંનેનો સ્વાર્થ પરસ્પર વિરોધી છે. પરંતુ તે કારણથી જ તે બે વચ્ચે લડાઈ ઊભી થતી નથી, કેમ કે બંનેમાં રહેલ સમજ અને પ્રેમની શક્તિ બળવાન છે. સમાજમાંથી તકરારો કાઢવાને સારું પણ આ જ ગુણોનો પરિપોષ કરવો જોઈએ.

- કાકાસાહેબ કાલેલકર

**અથવા**

૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : ૧૪

કાવ્યનિર્મિત આમ તો અનન્યપરતંત્રા છે. કવિ ક્યારે શું ગાઈ ઊઠશે તેની આગાહી કરવાનું મુશ્કેલ છે. તથાપિ આંતરબાહ્ય જગતની પ્રવૃત્તિને પરિસ્થિતિ કાવ્યસર્જનની સામગ્રી હોઈ, કવિનું સંવેદનતંત્ર એને ઝીલતું તો હોય છે જ. હા, પછી એમાં એ પોતાના સ્વત્વમાંથી ઉમેરીને કલાકૃતિ નીપજાવે છે. પણ આ સ્વત્વ તે શું છે ? કદાચ વિશાળ જીવન અને જગતમાં પ્રવર્તતા વિવર્તોના સચેત ચિત્તતંત્રએ સંચિત કરેલા સંસ્કારો જ. એટલે તો કવિ ગમે તેટલો વૈયક્તિક થવા જાય છે, ઝનૂનપૂર્વક માનવસમાજ કે જગત સાથેના પોતાના સંબંધોનો ઇન્કાર કરે છે ત્યારે પણ એ જ બોલે છે, ગાય છે, સર્જે છે, તેનો મનુષ્યહૃદય કે જીવન સાથેનો સંદર્ભ એ સર્વથા ટાળી શકતો નથી; જાણ્યે-અજાણ્યે પણ એની કાવ્યકૃતિમાં પેલું સંદર્ભનું તત્ત્વ, ક્યાંક રચના વૈચિત્ર્યમાં તો ક્યાંક ભાવભંગીમાં પ્રવેશી જતું દેખાય છે.

- જયંત પાઠક

૩ નિબંધ લખો : ૧૪

સ્વચ્છતા ત્યાં પ્રભુતા

**અથવા**

અખંડ ભારતના શિલ્પી : સરદાર પટેલ

૪ નિબંધ લખો : ૧૪

ઉચ્ચ શિક્ષણના પ્રશ્નો અને પ્રવાહો

**અથવા**

વૈશ્વિક ક્ષેત્રે પર્યાવરણની કટોકટી

૫ નીચેના પ્રશ્નોના જવાબ આપો : (કોઈ પણ **બે**) ૧૪

(અ) સાહિત્ય અને નીતિ

(બ) સાહિત્યકારનું સામાજિક કર્તવ્ય

(ક) સાહિત્ય અને સત્ય

(ડ) રાજકારણમાં શિક્ષણ કે શિક્ષણમાં રાજકારણ ?